1. પ્રતિભાસંપન્નતાનાં લક્ષણો વર્ણવો ?

- પ્રતિભાસંપન્ન બાળકોમાં નાનપણથી જ અપવાદરૂપ, નોંધપાત્ર કર્તુત્વ અને વર્તનનાં લક્ષણો જોવા મળે છે, જે નીચે પ્રમાણે છે :
- બાળપણથી જ આવાં બાળકોનો ધ્યાનવિસ્તાર મોટો, ઓળખવાની સ્મૃતિ તીવ્ર, ભાષાનો ઝડપી વિકાસ, સંવેદન પ્રત્યે ઝડપી અને તીવ્ર પ્રતિભાવો તથા નવીનતા પ્રત્યેની પસંદગી જોવા મળે છે.
- તેઓ વિચારણા, સમસ્યા ઉકેલ અને નિર્ણયમાં ઉચ્ચ કક્ષા ધરાવતાં હોય છે.
- તેમનાં વર્તનમાં સામાન્ય કૌશલ્યની સાથે આંતરસૂઝ જોવા મળે છે.
- તેઓ સામાન્ય સંજોગોમાં બહુમતી સાથે સંમત થઈ જતા નથી.
- સમાજનાં પ્રચલિત ધોરણોનો તેઓ સરળતાથી સ્વીકાર કરતા નથી.
- તેઓ પોતાની રીતે સ્વતંત્ર વિચારે છે અને તે મુજબનું વર્તન કરે છે.
- પોતાનાં કાર્યોનું નિયંત્રણ જાતે જ કરે છે. આમ, તેમનામાં ઊંચી સ્વક્ષમતા રહેલી છે.
- મોટે ભાગે તેઓ એકાંતપ્રિય હોવાથી અંતર્મુખ વધુ હોય છે.
- તેમને સામાજિક અને આવેગિક સમસ્યાઓનો વધુ સામનો કરવો પડે છે.
- તેઓને કાર્યમાં પ્રભુત્વ મેળવવા બાહ્યા પ્રબલનની જરૂર હોતી નથી.
- તેઓમાં આંતરિક પ્રેરણા વિપલ પ્રમાણમાં હોય છે. તેઓ પોતાના કાર્યમાંથી આનંદ પ્રાપ્ત કરે છે.
- તેમને પોતાની ઉરચ બુદ્ધિકક્ષા માટે માન હોય છે.
- તેઓ કોઈ એક કાર્યમાં સંપન્ન હોય તો બીજા કોઈકમાં નબળા પણ હોઈ શકે છે.

2. બુદ્ધિની કોઈ પણ એક વ્યાખ્યા આપી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો ?

- જુદા જુદા દષ્ટિકોણના આધારે મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિને વ્યાખ્યાયિત કરવાનો પ્રયત્ન કર્યો છે.
- બુદ્ધિની વ્યાખ્યા : મનોવૈજ્ઞાનિક બીને અને સાયમન બુદ્ધિની વ્યાખ્યા આપતાં જણાવે છે કે, બુદ્ધિ એટલે સારી રીતે સમજવાની, યોગ્ય રીતે નિર્ણય લેવાની અને તર્ક કરવાની શક્તિ છે.
- બુદ્ધિનું સ્વરૂપ : બુદ્ધિ અંગે જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ આપેલી વ્યાખ્યાઓના આધારે બુદ્ધિનું સ્વરૂપ નીચે પ્રમાણે છે :
- 1. વિભિન્ન બોધાત્મક અને માનસિક શક્તિઓનો સરવાળો : બુદ્ધિા એ વિભિન્ન બોધાત્મક માનસિક ક્ષમતા કે શક્તિઓનો સરવાળો છે.
- તર્ક, વિચારણા, કલ્પના, નિર્ણયક્ષમતા વગેરે બુદ્ધિનાં પાસાંઓના કારણે બુદ્ધિ એક સમગ્રલક્ષી માનસિક શક્તિ છે.
- 2. અમૂર્ત રીતે તર્ક કરવાની ક્ષમતા : બુદ્ધિ એ અમૂર્ત રીતે તક કરવાની ક્ષમતા છે.
- ચિંતન અને અમૂર્ત તર્ક એ એવી માનસિક ક્ષમતા છે જેની મદદથી વ્યક્તિ શાબ્દિક, ગાણિતિક અને વૈજ્ઞાનિક નિયમોને સરળતાથી સમજી શકે છે.

- ન્યાય, પ્રમાણિકતા, સજ્જનતા વગેરે એવી બાબતો છે જેને મૃત અથવા આકૃતિની મદદથી દર્શાવી શકાતા નથી. આવા અમૃતી શબ્દોના અર્થ સમજવાની ક્ષમતા એ બુદ્ધિ છે.
- 3. સમસ્યાનો ઉકેલ મેળવવાની ક્ષમતા : બુદ્ધિ વડે વ્યક્તિ આંતરસૂઝની મદદથી સમસ્યાઓનો ઉકેલ મેળવી શકે છે.
- સમસ્યાઓના ઉકેલ માટે પૂર્વ અનુભવોનો લાભ પ્રાપ્ત કરી શકે છે. વ્યક્તિ મહાવરા, તાલીમ અને અનુભવોમાંથી શીખીને પોતાના વર્તનને વધુ અસરકારક બનાવી શકે છે.
- 4. ઉદ્દેશ્યપૂર્ણ ક્રિયાઓ અને નિર્ણયો લેવાની ક્ષમતા : બુદ્ધિના કારણે વ્યક્તિ ઉદ્દેશ્યપૂર્ણ ક્રિયાઓ કરે છે.
- જિંદગીનાં વાસ્તવિક ધ્યેયો નક્કી કરવામાં, પરિસ્થિતિનું યોગ્ય રીતે અર્થઘટન કરવામાં, અસરકારક રીતે તર્ક કરવામાં, વનવ્યવહારમાં સામાન્યથી વિશિષ્ટ કાર્યો કરવામાં અને નિર્ણયો લેવામાં બુદ્ધિ વ્યક્તિને મદદરૂપ બને છે.
- 5. વાતાવરણ સાથે સમાયોજન કે અનુકુલન કરવાની ક્ષમતા : બુદ્ધિ વ્યક્તિને વાતાવરણની સાથે અસરકારક રીતે સમાયોજન કે અનુકૂલન સાધવામાં મદદરૂપ બને છે.
- નવી નવી પરિસ્થિતિઓ કે કાર્ય અંગે બદલાતી જતી અપેક્ષાઓ સાથે સાનુકૂળ થવાની શક્તિ એ બુદ્ધિ છે.

3. સ્પિયરમૅનના દ્વિઘટક સિદ્ધાંતમાં 'જી' (G) અને 'એસ' (s) ઘટકની સામાન્ય લાક્ષણિકતાઓ જણાવો ?

- ઈ. સ. 1904માં બ્રિટનના મનોવૈજ્ઞાનિક ચાર્લ્સ સ્પિયરમૈને (Charles spearman) બૌદ્ધિક શક્તિના સ્વરૂપ વિશેનો 'દ્વિઘટક સિદ્ધાંત' (Two Factor Theory) રજૂ કર્યો હતો. સ્પિયરમૅનના મતે બૌદ્ધિક ક્ષમતા મુખ્યત્વે બે ઘટકોની બનેલી છે :
  - ✓ સામાન્ય બોધતત્ત્વ (General Factor : G Factor) અને
  - ✓ વિશિષ્ટ બોધતત્ત્વ (Special Factor : S Factor).
  - ✓ વ્યક્તિમાં રહેલી બૌદ્ધિક ક્ષમતા કે વ્યક્તિની બોધાત્મક અભિવ્યક્તિ 'જી' અને 'એસ' ઘટકને આભારી છે.
- વ્યક્તિની સમગ્ર બુદ્ધિક્ષમતા એ 'જી' અને 'એસ' ધટકનો સરવાળો છે.
- ''જી'' ઘટકની સામાન્ય લાક્ષણિકતાઓ : 'જી' ઘટક એ વ્યક્તિની જન્મદત્ત ક્ષમતા છે.
- રેખા સામાન્ય માનસિક ઊર્જા કે શક્તિ છે.
- તે સાતત્યપૂર્ણ છે. 'જી' ઘટકની બાબતમાં વ્યક્તિગત તફાવતો જોવા મળે છે.
- 'જી' ઘટક ક્ષમતાનો ઉપયોગ જીવનની દરેક પ્રવૃત્તિમાં થાય છે.
- જે વ્યક્તિમાં 'જી ઘટકનું પ્રમાણ વધુ હોય તે વ્યક્તિ જીવનમાં વધુ સફળતા મેળવે છે.
- 'એસ' ઘટકની સામાન્ય લાક્ષણિકતાઓ : એસ' ઘટક એ જન્મદત્ત નથી, પરંતુ તે સંપાદિત છે.

- તે વાતાવરણમાંથી પ્રાપ્ત થયેલ અને શિક્ષિત ક્ષમતા છે.
- એક જ વ્યક્તિની અનેક પ્રવૃત્તિમાં 'એસ' ઘટકની વિવિધતા જોવા મળે છે.
- વિશિષ્ટ ક્ષમતાની બાબતમાં વ્યક્તિગત તફાવતો છે.
- એક વ્યક્તિમાં 'એસ' ઘટકનાં વિવિધ પાસાંમાં માત્રાત્મક તફાવત રહેલો છે. એટલે કે એક જ વ્યક્તિમાં ભાષાકીય, ગાણિતિક વગેરે જેવી વિવિધ વિશિષ્ટ ક્ષમતાઓ એ કસરખા પ્રમાણમાં હોતી નથી.
- શિક્ષણ અને તાલીમ દ્વારા 'એસ' ઘટકમાં કેટલેક અંશે પરિવર્તનું લાવી શકાય છે.

## 4. જે. પી. દાસના સિદ્ધાંતમાં "છજીજી"ની સમજૂતી આપો ?

- જગન્નાથપ્રસાદ દાસ (જે. પી. દાસ) અને તેમના સાથીદારોએ સ્પિયરમૅનના દ્વિઘટક સિદ્ધાંતના 'જી' ઘટક સિદ્ધાંતનો વિરોધ કર્યો.
- તેમના અભ્યાસો અને અનુભવોના આધારે દર્શાવ્યું કે બોધાત્મક ક્ષમતા માટે મસ્તિષ્કની વિશિષ્ટ રચના અને તેમાં થતી પ્રક્રિયા મહત્ત્વનો ભાગ ભજવે છે.
- તેઓએ બુદ્ધિ અંગેનો શરીરલક્ષી એટલે કે ચેતામનોવૈજ્ઞાનિક (Neuropsychological) દષ્ટિકોણ સ્વીકાર્યો છે.
- તેમના મતે મગજની રચનાનાં કેન્દ્રો સ્વતંત્ર રીતે ચોક્કસ માનસિક પ્રક્રિયાનું નિયમન કરે છે અને મસ્તિષ્કનાં આ કેન્દ્રો પરસ્પર એકબીજા સાથે જોડાયેલાં છે.
- દષ્ટિ, શ્રાવ્ય, ગંધ વગેરેનાં કેન્દ્રો મસ્તિષ્કના ચોક્કસ ભાગમાં આવેલા છે.
- મસ્તિષ્કના ચોક્કસ ભાગને નુકસાન થતાં તેની સાથે સંબંધિત માનસિક કે શારીરિક પ્રવૃત્તિઓ અવરોધાય છે. દા. ત., મસ્તિષ્કના ડાબા ગોળાર્ધના કોઈ ચોક્કસ ભાગને નુકસાન થાય તો વ્યક્તિની ભાષા લખવાની અને બોલવાની ક્ષમતા અવરોધાય છે.
- જે. પી. દાસના બુદ્ધિર્ના PASS' સિદ્ધાંતમાં નીચેની મુખ્ય ચાર બોધાત્મક પ્રક્રિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે :
- 1. આયોજન (Planning) : આયોજન એવી બોધાત્મક ક્ષમતા છે જેની મદદથી વ્યક્તિ સમસ્યાનો ઉકેલ કેવી રીતે મેળવશે તે અંગેનો નિર્ણય લઈ શકે છે અને એ મુજબનાં વર્તન કરી શકે છે.
- એમાં વ્યક્તિ ધ્યેયો નક્કી કરવા, પરિણામનું પૂર્વાનુમાન કરવું, પ્રતિભાવો કે પ્રતિપુષ્ટિ(Feedback)નો ઉપયોગ કરવો વગેરે માનસિક ક્રિયાઓ કરે છે.
- આયોજન માટે મસ્તિષ્કના 'કપાલી ખંડ' (Frontal Lobe) જવાબદાર છે.
- 2. ધ્યાન ઉત્તેજના (Attention Arousal) : ધ્યાન । ઉત્તેજના બોધાત્મક પ્રક્રિયામાં વાતાવરણમાં રહેલા અનેક ઉદ્દીપકો પ્રત્યે ધ્યાન આપવાની અને અન્ય ઉદ્દીપકોની અવગણના કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.
- ધ્યાન કેન્દ્રિત કરવાની મુશ્કેલીની વિકૃતિ (Attention Deficit Disorder) બોધાત્મક પ્રક્રિયામાં ખામી જોવા મળે છે.

- ધ્યાન અને ઉત્તેજના માટે મસ્તિષ્કના મગજકંધ' (Brain stern) અને થેલેમસ' જવાબદાર છે.
- 3. સમકાલીન પ્રક્રિયા: સમકાલીન બોધાત્મક પ્રક્રિયામાં જુદા જુદા ઉદીપકોને એકસાથે રાખી તેને એક સમગ્ર ઘટના તરીકે જોવાની ક્ષમતા છે.
- ભાષાકીય સમજ મેળવવા માટે આ ક્ષમતાની વધુ આવશ્યકતા હ્રછે.
- સમકાલીન પ્રક્રિયા માટે 'પશ્ચ કપાલી ખંડ' (Occipital Lobe) અને 'મધ્ય કપાલી ખંડ' (Parietal Lobe) જવાબદાર ક્રમબદ્ધ પ્રક્રિયા (Successive Processing) : ક્રમબદ્ધ બોધાત્મક પ્રક્રિયામાં ઉદીપકોને યોગ્ય ક્રમમાં ક્રમબદ્ધ રીતે રજૂ કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.
- આ ક્ષમતામાં ક્રમબદ્ધ રીતે અક્ષરો અને શબ્દોને ગોઠવીને વાંચવાની અને લેખનકાર્ય કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે.
- ક્રમબદ્ધ પ્રક્રિયા માટે 'કપાલી ખંડ' (Frontal Lobe) અને કપાલી ખંડ' (Temporal Lobe) જવાબદાર છે.

5. મનોદુર્બળતાનાં લક્ષણો સમજાવો ?

- મનોદુર્બળતાને બૌદ્ધિક મંદતા (Intellectual Deficiency) અથવા માનસિક પછાતપણું પણ કહે છે.
- મનોદુર્બળતા ધરાવતાં બાળકોને તેમના પર્યાવરણમાંથી ઊભા થતા અનેક પડકારોનો સામનો કરવાની મુશ્કેલી પડે છે.
- તે વ્યક્તિમાં માનસિક પછાતપણું છે કે નહિ તે નક્કી કરવા માટે અમેરિકન ચિકિત્સા મંડળે (અમેરિકન સાયકાઢી ઍસોસિયેશન : એ.પી.એ., 1968) તેના નિદાન માટેનાં ચોક્કસ ધોરણો અને પદ્ધતિઓ નક્કી કરી છે.
- આ પ્રકારની બદ્ધિકસોટીઓમાં સરેરાશ સામાન્ય બાળકના કર્તવા સાથે માનસિક રીતે પછાત બાળકના કર્તુત્વની સરખામણી કરવામાં લગ્ન આવે છે.
- વિવિધ કક્ષાની મનોદુર્બળતા ધરાવતી વ્યક્તિઓની સરાણ પ્રમાણે છે :
- 1. મનોદુર્બળતાની હળવી (Mild) કક્ષા : હળવી કક્ષામાં આવતી વ્યક્તિઓનો બુદ્ધિઆંક 50થી 69 સુધીનો હોય છે. તેઓ નીચેનાં કાર્યો કરી શકે છે :
- (1) સ્વસહાયક કૌશલ્યો : આવી વ્યક્તિ જાતે પોતાનો ખોરાક ખાઈ શકે છે, કપડાં જાતે પહેરે છે, પોતાના શરીરની સ્વચ્છતા હ્રઅને મળમૂત્રની જરૂરિયાત જાતે સંતોષે છે.
- (2) વાણી અને પ્રત્યાયન : આવી વ્યક્તિમાં ભાષાનું જ્ઞાન પૂરતું હોય છે તે સંદેશાની આપ-લે કરી શકે છે. અન્યની વાત સમજી શકે છે.
- (3) અભ્યાસ : આવી વ્યક્તિઓને જો ઉત્તમ શૈક્ષણિક પર્યાવરણ પ્રાપ્ત થાય, તો તેઓ 3થી 6 ધોરણ સુધીનો અભ્યાસ કરી શકે છે.

- (4) વ્યાવસાયિક સમાયોજન : આવી વ્યક્તિ થોડી કે પૂર્ણ સ્પર્ધવાળી નોકરી મેળવી શકે છે, પ્રાથમિક કક્ષાના કૌશલ્ય વગરનાં કાર્યો કરી શકે છે.
- (5)પુખ્ત વ્યક્તિ તરીકેનું જીવન : આવી વ્યક્તિ લગ્ન કરી શકે છે, બાળકોને જન્મ આપી શકે છે પરંતુ મનોભારવાળી પરિસ્થિતિમાં અન્યની મદદની જરૂર પડે છે.
- 2. મનોદુર્બળતાની મધ્યમ (Moderate) કક્ષા : મધ્યમ કક્ષામાં આવતી વ્યક્તિઓનો બુદ્ધિઆંક 35થી 49 સુધીનો હોય છે. તેનો નીચેનાં કાર્યો કરી શકે છે :
- (1) સ્વસહાયક કૌશલ્યો : આવી વ્યક્તિઓને પોતાનો ખોરાક ખાવામાં, કપડાં પહેરવામાં મુશ્કેલી પડે છે. વારંવારની તાલીમ આપ્યા પછી તેઓ પોતાનાં કામ જાતે કરી શકે છે.
- (2) વાણી અને પ્રત્યાયન : આવી વ્યક્તિઓ સંદેશાની આપ-લે કરી શકે છે. ભાષાનું જ્ઞાન સામાન્ય પ્રકારનું હોય છે, પરંતુ તેમને ! બોલવામાં મુશ્કેલી પડે છે.
- (3) અભ્યાસ : આવી વ્યક્તિઓમાં વિદ્યાકીય કૌશલ્યો અલ્પ પ્રમાણમાં હોવાથી તેઓ વધુમાં વધુ એક કે બે ધોરણ સુધીનો અભ્યાસ કરી શકે છે.
- (4) સામાજિક કૌશલ્યો : આવી વ્યક્તિઓ મિત્રો બનાવી શકે છે, પરંતુ અનેક સામાજિક પરિસ્થિતિઓમાં મુશ્કેલી અનુભવે છે .
- (5) વ્યાવસાયિક સમાયોજન : આવી વ્યક્તિને કાર્યસ્થળે જ કોઈની મદદ મળે, તો તેઓ કામ કરી શકે છે. સુસંગત પર્યવેક્ષણની જરૂર પડે છે.
- (6) પુખ્ત વ્યક્તિ તરીકેનું જીવન: સામાન્ય રીતે આવી વ્યક્તિઓ લગ્ન કરી શકતી નથી અથવા સંતાન હોતાં નથી. મોટે ભાગે પરાવલંબી જીવન જીવે છે.
- 3. મનોદુર્બળતાની તીવ્ર (severe) કક્ષા તીવ્ર કક્ષામાં આવતી વ્યક્તિઓનો બુદ્ધિઆંક 20થી 34 સુધીનો હોય છે. તેઓ નીચેનાં કાર્યો કરી શકે છે :
- (1) સ્વસહાયક કૌશલ્યો : આવી વ્યક્તિઓ બાહુ જ ઓછાં કૌશલ્યો ધરાવે છે. તેઓ પોતાની અંગત જરૂરિયાતોને મર્યાદિત પ્રમાણમાં સંતોષી શકે છે.
- (2) વાણી અને પ્રત્યાયન : આવી વ્યક્તિઓની વાણીની અભિવ્યક્તિ ખૂબ જ નબળી હોય છે. ભાગ્યે જ બીજાની વાત સમજી શકે છે અને પોતાના વિચારો રજૂ કરી શકે છે.
- (3) અભ્યાસ : આવી વ્યક્તિઓમાં વિદ્યાકીય કૌશલ્યોનો અભાવ હોવાથી અભ્યાસ કરી શકતી નથી.
- (4) સામાજિક કૌશલ્યો : આવી વ્યક્તિઓ મિત્રો બનાવી શકતી નથી, તે સામાજિક-આંતરક્રિયાઓ કરી શકતી નથી.
- (5) વ્યાવસાયિક સમાયોજન : આવી વ્યક્તિઓ નોકરી કરી શકતી નથી. આવી વ્યક્તિઓની સતત સંભાળ રાખવી પડે છે.
- (6) પુખ્ત વ્યક્તિ તરીકેનું જીવન : આવી વ્યક્તિઓ લગ્ન કરી શકતી નથી અને સંતાનો હોતાં નથી. તેઓ હંમેશાં પરાવલંબી જીવન જીવે છે.

- 4. મનોદુબળતાની અતિ તીવ્ર (ર્કિંહર્દ્ઘ) કલા : અતિ તીવ્ર કક્ષામાં આવતી વ્યક્તિઓનો બુદ્ધિઆંક 20થી ઓછો હોય છે.
- આવી વ્યક્તિઓ સંપૂર્ણપણે પરાવલંબી હોય છે.
- તેમને કોઈ પણ પ્રકારનું શિક્ષણ આપી શકાતું નથી.
- તેઓ તેમની શારીરિક જરૂરિયાતો પણ પોતાની જાતે સંતોષી શકતા નથી.
- તેમની જરૂરિયાતો અને સ્વચ્છતા-વિષયક બાબતોની કાળજી અન્ય વ્યક્તિઓએ રાખવી પડે છે.
- બુદ્ધિ મંદતાની ઉપર જણાવેલ કક્ષાઓને જડ રીતે વળગી રહેવામાં આવતાં નથી, બુદ્ધિ મંદતા હળવી, મધ્યમ કે તીવ્ર છે એ નક્કી કરવા માટે વ્યક્તિ તેના દૈનિક જીવનમાં કેવું કાર્ય કરી શકે છે તે મહત્ત્વનું છે.

6. બુદ્ધિનો અર્થ સમજાવી તેની વ્યાખ્યાઓ આપો ?

- આપણે આપણી આજુબાજુ વિવિધ વ્યક્તિઓને જોઈએ છીએ, તે દરેકમાં બુદ્ધિનું પ્રમાણ જુદું જુદું હોય છે.
- બુદ્ધિને આપણે કાર્યમાં પરિણમતી અનુભવી શકીએ છીએ, આ નિરીક્ષણના આધારે જ આપણે વ્યક્તિઓને આપણી રીતે મૂલવીએ છીએ, બુદ્ધિને જુદા જુદા અનેક શબ્દો વડે ઓળખવામાં આવે છે. બુદ્ધિને મગજની તીવ્ર શક્તિ, માનસિક સજાગતા, શીખવાની ઝડપ, ચપળતા, સમજવાની જોવાની અને તર્ક કરવાની શક્તિ, કુદરતી માનસિક બક્ષિસ, સતેજતા, વિચારશક્તિ, સૂઝ, વિવેકશક્તિ, ગ્રહણશક્તિ, માનસિક સમર્થતા, ભેદ પારખવાની શક્તિ, ચતુરાઈ, હોશિયારી, ચાલાકી, મેધાશક્તિ, પ્રતિભા વગેરે શબ્દોથી દર્શાવાય છે.
- બુદ્ધિનો અર્થ (Meaning of Intelligence) : બુદ્ધિના સામાન્ય અર્થ અને મનોવૈજ્ઞાનિક અર્થમાં તફાવત છે.
- મનોવૈજ્ઞાનિક દષ્ટિએ માનસિક સજાગતા એટલે પયાવરણમાં ઉદ્દભવતી ઘટનાઓ પ્રત્યે ધ્યાન આપી તેનો અર્થ સમજવાની શક્તિ .
- ચપળતા એટલે કાર્ય શરૂ કરવાની છૂર્તિ અને પૂર્ણ કરવાની ઝડપ, કે કુદરતી બક્ષિસ એટલે ગણતરી, ઉકેલ, વિવિધ પ્રકારની કલા વગેરે જેવાં વિશિષ્ટ કાર્યોને આગવી રીતે રજૂ કરવાની જન્મગત શક્તિ.
- સૂઝ એટલે મુશ્કેલ પરિસ્થિતિઓમાં માર્ગ શોધવાની શક્તિ.
- વિવેકશક્તિ એટલે યોગ્ય અને અયોગ્ય બાબતોને પારખવાની,શક્તિ .
- ગ્રહણશક્તિ એટલે નવી માહિતી અને નવા વિચારોને સમજવાની શક્તિ - હોશિયારી, ચતુરાઈ કે ચાલાકી એટલે અન્યની અપેક્ષા કરતાં અલગ અને અવનવું કરવાની શક્તિ.
- સમજ અને તર્ક એ બુદ્ધિના ઉપયોગનું પરિણામ છે. આ બે । ક્રિયાઓમાં બુદ્ધિ સાધન છે.
- મનોવિજ્ઞાનમાં બુદ્ધિની અસંખ્ય વ્યાખ્યાઓ જોવા મળે છે.

- બુદ્ધિનું જે પાનું અગત્યનું લાગે તેને કેન્દ્રમાં રાખીને બુદ્ધિની વ્યાખ્યા રચાય છે. બુદ્ધિની વ્યાખ્યા : જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિની વ્યાખ્યાઓ આપી છે. કેટલીક અગત્યની વ્યાખ્યા નીચે પ્રમાણે છે :
- (i) બીને અને સાયમન (1904) : બુદ્ધિ એટલે સારી રીતે સમજવાની, સારી રીતે નિર્ણય લેવાની અને સારી રીતે તર્ક કરવાની શક્તિ .
- (2) ટર્મન (1916) : વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત રીતે વિચારવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બદ્ધિમાન હોય છે.'
- (3) વેક્સલર (1999): બુદ્ધિ એટલે વ્યક્તિની એવી સમગ્રલક્ષી શક્તિ જેને લીધે તે ધ્યેયપૂર્વક કાર્ય કરી શકે, તાર્કિક રીતે વિચારી શકે અને પર્યાવરણ સાથે અસરકારક રીતે વ્યવહાર કરી શકે.
- (4) ગાર્ડનર (1986) : બુદ્ધિ એટલે એક કે વધારે સાંસ્કૃતિક પરિવેશોમાં મહત્ત્વની ગણાતી સમસ્યાઓને ઉકેલવાની કે મુલ્યવાન વસ્તુઓનું નિર્માણ કરવાની શક્તિ કે કુશળતા.
- (5) સ્ટર્નબર્ગ (1997) : બદ્રિ એટલે પવિરણના કોઈ પણ સંદર્ભ સાથે અનુક્લન કરવા માટે અથવા તેને ઘાટ આપવા માટે અથવા તેને પસંદ કરવા માટે જરૂરી માનસિક શક્તિઓ.
- (6) જે. પી. દાસ (2004) : બુદ્ધિ એ તમામ બૌદ્ધિક અને બોધન પ્રક્રિયાઓનો સરવાળો છે, જેમાં આયોજન, માહિતીનું સંકેતોમાં અંકન, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે.
- વ્યક્તિઓ લગ્ન કરી શકતી નથી અથવા સંતાન હોતાં નથી. મોટે ભાગે પરાવલંબી જીવન જીવે છે.
- 3. મનોદુર્બળતાની તીવ્ર (severe) કક્ષા તીવ્ર કક્ષામાં આવતી વ્યક્તિઓનો બુદ્ધિઆંક 20થી 34 સુધીનો હોય છે. તેઓ નીચેનાં કાર્યો કરી શકે છે :
- (1) સ્વસહાયક કૌશલ્યો : આવી વ્યક્તિઓ બાહુ જ ઓછાં કૌશલ્યો ધરાવે છે. તેઓ પોતાની અંગત જરૂરિયાતોને મર્યાદિત પ્રમાણમાં સંતોષી શકે છે.
- (2) વાણી અને પ્રત્યાયન : આવી વ્યક્તિઓની વાણીની અભિવ્યક્તિ ખૂબ જ નબળી હોય છે. ભાગ્યે જ બીજાની વાત સમજી શકે છે અને પોતાના વિચારો રજૂ કરી શકે છે.
- (3) અભ્યાસ : આવી વ્યક્તિઓમાં વિદ્યાકીય કૌશલ્યોનો અભાવ હોવાથી અભ્યાસ કરી શકતી નથી.
- (4) સામાજિક કૌશલ્યો : આવી વ્યક્તિઓ મિત્રો બનાવી શકતી નથી, તે સામાજિક-આંતરક્રિયાઓ કરી શકતી નથી. (5) વ્યાવસાયિક સમાયોજન : આવી વ્યક્તિઓ નોકરી કરી શકતી નથી. આવી વ્યક્તિઓની સતત સંભાળ રાખવી પડે છે.
- (5) પુખ્ત વ્યક્તિ તરીકેનું જીવન : આવી વ્યક્તિઓ લગ્ન કરી શકતી નથી અને સંતાનો હોતાં નથી.